ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૧૨-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### વિદાય લેતું વર્ષ : વિશેષપણે કેન્દ્ર અને કોંગ્રેસ માટે કમનસીબ

વિદાય લઈ રહેલ ૨૦૧૩ના વર્ષમાં સૌથી દયાજનક સ્થિતિ આપણા નેતાઓની થઈ છે. શરૂઆત રાષ્ટ્રપતિથી જ કરીએ. પ્રણવ મુખર્જીને તો વડાપ્રધાન બનવું હતું પરંતુ એમની સ્વતંત્ર વિચારસરણી જ એમના માર્ગનો અવરોધ બની રહી. ડૉ. મનમોહનસિંહે કયારેક પ્રણવ મુખર્જીના નાણાખાતા હસ્તક આવતી રિઝર્વ બેંકના ગવર્નર તરીકે નોકરી કરેલી. એમનું કિસ્મત કેવું પાવરફુલ કે નેતા તરીકે બિલકુલ જ ન ચાલી શકે એવા એક બ્યુરોક્રેટને દસ દસ વરસ લગી આવડા મોટા દેશના વડાપ્રધાનપદે રહેવાની તક મળી. સોનિયા ગાંધીએ એ વખતે પ્રણવ મુખર્જીને ટાળીને ડૉ. મનમોહનસિંહને આગળ ધર્યા કારણ કે એ કયારેય ગાંધી પરિવારની સર્વોચ્ચતા સામે આંગળી ચીંધી શકે એમ નહોતા અને છોગામાં સરદારજી હતા. પરંતુ સત્તાનું છેલ્લું વરસ ડૉ. મનમોહનસિંહની શાખ માટે અત્યંત નબળું સાબિત થયું છે. એમને પોતાને પણ ખાતરી છે કે હવે એમનો રાજયોગ પૂરો થઈ ચૂકયો છે. પરંતુ જે ગૌરવ સાથે પદ છોડવાનું ગમે, એને ઠેકાણે ભારે અપજશ સાથે તેઓ વડાપ્રધાનપદ છોડી રહ્યા છે. એમના અનેક સાથીઓએ બેફામ ભ્રષ્ટાચાર કર્યો છે, જેના છાંટા એમના સુધી ઊડયા છે. સવિશેષ કોલસા કૌભાંડનું પગેરું તો છેક એમના ઘર સુધી પહોંચે છે. અણીશુદ્ધ ઈમાનદારીનું ઉજજવળ દૃષ્ટાંત ગણાતા મનમોહનની આબરૂના ૨૦૧૩માં વારંવાર ધજાગરા ઊડ્યા છે. પોતાના સાથી પક્ષોના મંત્રીઓ ભ્રષ્ટાચાર કરતા રહ્યા છતાં એમને એ કશું કહી ન શકયા. એ.રાજાએ તો સ્પષ્ટ નિવેદન કર્યું છે કે ૨-જી સ્પેકટ્રમના આવંટન મુદ્દે લેવાયેલા નિર્ણયો મનમોહન અને ચિદમ્બરમ્ બેઉની સંમતિથી લેવાયા હતા. 'મિ.કલીન' તરીકેની ઈમેજ ધરાવતા એ.કે. એન્ટનીને પણ સંરક્ષણ મંત્રાલયની હેલિકોપ્ટર ખરીદી જેવા પ્રશ્નોનો સામનો કરવો પડ્યો છે. એટલું ઓછું હોય તેમ સરહદ પર ભારતીય સૈનિકોનાં માથાં કપાયાં ત્યારે પણ સેનાને વળતો પ્રહાર કરવાની છૂટ નહીં અપાતાં સેનાના મોરલ પર પણ માઠી અસર પહોંચી હતી. જનરલ વી.કે. સિંહે નિવૃત્ત થતાં થતાં એમના જ ભારતીય સરહદમાં ઘુસણખોરી કરી હતી, જેને કુનેહપૂર્વક પાછી હટાવતાં ઘણો વખત લાગી ગયો હતો. નાણાંમંત્રી પી. ચિંદમ્બરમ્ મોંઘવારી નાથવાના મુદ્દે સરિયામ નિષ્ફળ નીવડયા તેથી હાંસિયે ધકેલાઈ ગયેલા ભાજપને અને આંતરરાષ્ટ્રીય સ્તેર વગોવાઈ ગયેલા નરેન્દ્ર મોદીને તથા નવા નિશાળિયા જેવા અરવિંદ કેજરીવાલને લાઈમલાઈટમાં રહેવાની તક સાંપડી. નરેન્દ્ર મોદીની સામે કોંગ્રેસના યુવરાજ ગણાતા રાહુલ ગાંધીનો પનો ટૂંકો પડ્યો, જેને લીધે કોંગ્રેસની સત્તા સ્થાનેથી વિદાય લગભગ સુનિશ્ચિત બની ગઈ છે. અગાઉ ઉત્તરાખંડ, કર્ણાટક અને હિમાચલ પ્રદેશમાં સત્તા સ્થાને આવી શકેલી કોંગ્રેસ તાજેતરની પાંચ રાજયોની વિધાનસભાની ચૂંટણીમાં હાંસિયે ધકેલાઈ જતાં ભાજપ તાનમાં આવી ગયું છે. પરંતુ ભાજપની સામે પણ ૨૦૧૪માં દિલ્હીનું મયૂરાસન વેંત છેટું રહી જાય એવા પડકારો ઊભા જ છે. છેલ્લે દિલ્હીની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ કરેલા ઉત્તમ દેખાવ અને સોશિયલ મીડિયા પર અરવિંદ કેજરીવાલની નરેન્દ્ર મોદી ઉપરની સરસાઈ જોતાં ૨૦૧૪ની લોકસભાનું ભવિષ્ય પણ દિલ્હી વિધાનસભાની ત્રિશંકુ સ્થિતિને જ અનુસરે એવું વરતાઈ રહ્યું છે. દરમિયાન આસારામ- નારાયણ સાંઈના કરતૂતો અને એવાં જ કેટલાક રાજકારણીઓનાં કરતૂતો બહાર આવ્યા છે. જાસૂસી કૌભાંડ જુદો જ રંગ લાવશે. ગુજરાતમાં મોડે મોડે લોકાયુકત નીમાય છે પરંતુ સજા પામેલા મંત્રી વટથી રાજ ચલાવે છે. આરટીઆઈ ઍક્ટિવિસ્ટની હત્યામાં સાંસદ દિનુ બોઘા સામે ચાર્જશીટ મુકાઈ છે. ૨૦૧૩માં બનેલી કમનસીબ ઘટનાઓમાં દિલ્હીનો સામૂહિક બળાત્કારકાંડ અને ઉત્તરાખંડની પ્રાકૃતિક ત્રાસદીનો સમાવેશ થાય છે. આફતો વચ્ચે પણ આશાનો દીવડો ટમટમતો રહ્યો છે, એની પ્રતીતિ દિલ્હીની પ્રજાએ બેઉ રાજકીય પક્ષોને નકારીને તદ્દન નવા આમ આદમીને સત્તા સ્થાને બેસાડીને કરાવી છે. આશા રાખીએ કે પ્રજાની અપેક્ષાઓ ફળે.

# સ્કુલ ઓફ એચિવર-કુડાસણ ખાતે પેરેન્ટસ સ્પોર્ટસ ડે યોજાયો

## સ્કુલના નવતર પ્રયોગમાં ૮૦૦ વાલીઓએ ભાગ લીધો



(તસવીર : વિપુલ ચૌહાણ)

ગાંધીનગર, તા.૨૯

કુડાસણ ખાતે આવેલી સ્કુલ ઓફ એચિવર શાળાના વાલી ગણ માટે 'પ્રથમ પેરેન્ટસ સ્પોર્ટસ ડે' યોજાઈ ગયો.શહેરની પાસે આવેલ કુડાસણ ગામમાં શિક્ષણ આપતી સ્કુલ ઓફ એચિવર શાળાના સંકુલમાં વિદ્યાર્થીઓના માતા પિતાનો સ્પોર્ટસ દિવસ યોજવામાં આવ્યો હતો. ૮૦૦થી વધારે વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સ્કુલમાં દર વર્ષે પેરેન્ટસ અને ગ્રાન્ડ પેરેન્ટસ માટે વિશિષ્ટ કાર્યક્રમો યોજવામાં આવે છે. સંસ્થામાં વાલીઓ પારિવારીક ભાવનાથી જોડાય અને આત્મીયતા વધે તે માટે સ્પોર્ટસ દિવસ ઉજવવામાં આવ્યો હતો. રમત સ્પર્ધામાં મહિલાઓ માટે બુક બેલેન્સીંગ, લેમન સ્પૂન, ફિલીંગ ધ બોટલ અને પુરુષો માટે ઓબ્જેકટ રેસ, હુથ રેસ, ઓફ ટુ ઓફિસ, કપલ માટે બલૂન રેસ, થ્રી લેગ્ડ રેસ, બાસ્કેટ બોલ તેમજ ફેમીલી અને જનરલ રમતો યોજવામાં આવી હતી. પેરેન્ટસ સ્પર્ધામાં સંસ્થાના ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલે ભાગ લીધેલ. તમામ વાલીઓને બિરદાવ્યા હતા. જયારે કવિતાબેન દહિયાએ સ્પર્ધાનું સુચારું એન્કરીંગ કર્યું હતું.

## હરિની દૃષ્ટિ...



ફ્લેટ તો સારો છે ડિયર, પણ મને તો કિચન વગરનો ફ્લેટ જ જોઇએ... મને ઘરમાં કુડની ગંદકી બીલકુલ પસંદ નથી...!!





સેકટર-૭ કોમ્યુનીટી હોલ ખાતે રવિવારે સવારથી જ શ્રી મોટા બાર ગામ કડવા પાટીદાર સમાજ, ગાંધીનગર દ્વારા સ્નેહમિલનનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં અલગ અલગ રમતો અને સાંસ્કૃતિક કાર્યક્રમો અને વડીલોને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સમાજનાં ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

## આજે વૈજનાથ મહાદેવ મંદિરમાં લઘુરૂદ્ર

ગાંધીનગર, તા.૨૯

રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા આજ રોજ શ્રી વૈજનાથ મહાદેવ મંદિર સે-૨૧ ખાતે લઘુરૂદ્ર યોજવામાં આવશે. તેમજ આગામી મહાશિવરાત્રી બાબતે ચર્ચા કરવામાં આવશે. સર્વે સભ્યોએ હાજર રહેવા જણાવ્યું છે.

# શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં શિયાળુ રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલ કડી સર્વ વિદ્યાલય સંકુલમાં આવેલ શ્રીમતી આર.એન. પટેલ પ્રાયમરી સ્કૂલમાં તા. ૨૭મી જાન્યુઆરીએ પૂજય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું આયોજન કરાયું હતું. આ રમતોત્સવમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

કડી સંકુલની ગુજરાતી માધ્યમની પ્રતિષ્ઠિત શાળા આર.એન. પટેલ પ્રાયમરી સ્કુલમાં યોજાયેલ શિયાળુ રમતોત્સવમાં ધોરણ ૧ થી ૮ સુધીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ રમતોત્સવનો પ્રારંભ અશ્વિનભાઈ પટેલ કોલેજના ફિઝીકલ ડાયરેકટર રણછોડભાઈ રથવી અને આર.એન. પટેલ સ્કૂલના આચાર્ય દશરથભાઈ પટેલના હસ્તે દીપ પ્રાગટય કરીને કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય દશરથભાઈએ જેમની સ્મૃતિમાં આ શિયાળુ રમતોત્સવ યોજાય છે તે પૂજય દાસકાકાના જીવન અંગે બાળકોને માહિતી આપી હતી.

ત્યારબાદ બાળકોને જીવનમાં ઉત્સાહ, સાહસ અને ખેલદિલીની જરુરિયાત અંગે સમજ આપી હતી. ખેલકૂદ અને રમતગમતથી સ્વાસ્થ્ય પણ સારું રહે છે અને સ્વસ્થ જીવન જીવવા માટે તેની આવશ્યકતા વિશે પણ સમજાવ્યું હતું. આ રમતોત્સવમાં લાકડી બેલેન્સ, ૫૦ મીટર દોડ, ચોકલેટ શોધ, લીંબુ ચમચી, સંગીત ખુરશી, દડા ઉછાળ દોડ, લાંબી કૂદ, દડા ફેંક, ઘડા દોડ, ફુગ્ગા દોડ જેવી વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી.







**સોજા હાઈસ્કૂલનો શૈક્ષણિક પ્રવાસ સંપન્ન**

શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કુલ સોજાનો શૈક્ષણિક પ્રવાસ સુખરૂપ સંપન્ન થયો. કલોલ તાલુકાના સોની ખાતે આવેલી એચ.એમ. સાર્વજનિક હાઈસ્કુલ દ્વારા ઉત્તર ભારતનો પ્રવાસ યોજવામાં આવ્યો હતો. જેમાં શાળામાંથી ૫૩ બાળકો પ્રવાસમાં જોડાયા હતા. પ્રવાસમાં વિદ્યાર્થીઓએ પુસ્તકમાં વાંચેલું અને ફોટામાં જોયેલા પ્રવાસન સ્થળોની મુલાકાતથી આનંદીત થઈ ગયા હતાં. પ્રવાસમાં સારસ્વત મિત્રો રાકેશ પ્રજાપતિ, વનરાજસિંહ ચાવડા, અશોકભાઈ પટેલ, જિજ્ઞેશ પટેલ, દર્શનાબેન પટેલ અને આચાર્ય ભાવેશભાઈ જોષી જોડાયા હતાં. (તસવીર : આર.એચ. પ્રજાપતિ)

# કાયદાકીય જાગૃતિ અને સામાજિક જાગૃતિ અંગેની શિબિરો હોય કે કાર્યશાળા હોય તેમાં પતિ અને પત્ની બંનેને સાથે સામેલ રાખવા જોઇએ

**મહિલા સમાજ અને કાયદો**
**અંક-૨૪**
**ડો. ભાવના કે. જોશીપુરા**

ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ એ સંદર્ભે લાંબા સમયની આપણે ચર્ચા કરી રહ્યા છીએ. ગત્ અંકમાં આપણે સાંપ્રત સમયમાં બનતી ઘટનાઓનું અનુસંધાન લઇએ પતિ-પત્ની વચ્ચેની તકરાર અને તે સંદર્ભે ભોગ બનતા બાળકોની સમસ્યા તથા બનેલ બનાવોની ચર્ચા કરી. એક આખો મહિલા સમાજ એવું માનતો થયો છે કે અને શા માટે ઘર છોડીએ ? પરંતુ સાથે સાથે એ પણ પ્રશ્ન છે કે ઘરમાં રહીને અતિશય ત્રાસ સહન કરતાં જો શારીરિક હિંસાનો ભોગ બનવું પડે તો તે સહન થઇ શકે તેમ ન હોય, તો વળી કયારેક આ પ્રકારની શારીરિક હિંસા સહન કરતાં કરતાં ભોગ બનનાર માનસિક રીતે ભાંગી પડે અને કોઇ અઘટીત પગલું પણ ભરી બેસે. આવા પ્રકારની બાબતોને નિવારવા માટે જ ખાસ જોગવાઇઓ આ કાયદામાં કરવામાં આવી છે. આ જોગવાઇ સંદર્ભો જો સમજીએ તો,

ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ અમલમાં આવ્યા પહેલાની એક ઘટનાનો ઉલ્લેખ કરીને જણાવું તો, એક દીકરી ચંદ્રા સૌરાષ્ટ્રના એક અંતરીયાળ ગામડામાંથી રાજસ્થાનના કોઇ એક ગામડામાં લગ્ન કરી શકાય છે. ચંદ્રા અને સોહનનું ટૂંકું લગ્નજીવન અને એ દરમિયાન ચંદ્રાએ અનેક પત્નીઓને મેણાં ટોણાંના શિકાર બનવું પડે છે. વળી, દીકરી ભણેલી હોય અને કોઇ પણ કામ કરવા સક્ષમ હોય તો પણ અમુક સમાજમાં પુત્રવધુને બહાર કામ કરવા જવાની કે કોઇ પણ કામ કરવાની છૂટ આપવામાં આવતી નથી. ચંદ્રાના પતિ અને સસરા બંને છૂટક કામ કરી ઘરનું માંડ માંડ પુરૂ કરે છે. ચંદ્રા શરૂઆતમાં તો પોતે જે સમાજમાં આવી છે તે સમાજમાં દીકરીને સંપૂર્ણ સહન કરવાનો અધિકાર વારસાગત જાળવી રાખવાનો છે. દીકરી ચંદ્રા પોતાના નાના ભાઇ બહેનનો પણ વિચાર કરે છે અને માતાપિતાની પરિસ્થિતિ અને આબરૂ બંનેનો વિચાર કરે છે. માત્ર કુટુંબનું નામ બગડે અને જો ફરિયાદ કરીએ અથવા તો કોઇ પણને ત્રાસ અંગે વાત જણાવીએ તો નાની બહેનોનાં ભવિષ્યના લગ્નમાં પ્રશ્નો ઉભા થાય તેવી ચિંતા મોટા ભાગની પરિણિત સ્ત્રીઓ કરતી હોય છે. આ એક અતિ સ્વાભાવિક બાબત છે પરંતુ પ્રશ્ન એ થાય છે કે શું આવી બધી બાબતોને કારણે કોઇ વ્યક્તિ પોતાની વેદના કયાંક વ્યક્ત ન કરી શકે? આ પ્રશ્નનો જવાબ એ ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ છે.

પરિણિત સ્ત્રીને પતીના ઘરમાં જ રહેવું છે અને ઘરમાં રહીને જ પતિ અને સાસરી પક્ષના તરફથી ઊભા થતાં પ્રશ્નોનું સુખદ રીતે નિકાલ લાવવો છે તો તે સંદર્ભે આપણે અગાઉનાં અંકોમાં જોયું કે ફેમિલી કાઉન્સીલીંગ સેન્ટર કે કુટુંબ સલાહ કેન્દ્રો કાર્યરત છે. જયારે ડોમેસ્ટીક વાયોલન્સ એક્ટ અંતર્ગત દરેક જીલ્લામાં એક પ્રોટેકશન ઓફિસર નિમવામાં આવે છે. આ પ્રોટેકશન ઓફિસરને પોતાની અરજી રૂબરૂ મૌખિક રીતે અથવા તો લેખિત રીતે પણ મોકલી શકાય છે. પ્રોટેકશન ઓફિસરના ફરજો અને કાર્યો વિશે કલમ-૯ માં જોગવાઇ છે. આપણે આ કાયદાની કલમ-૧ થી કલમ-૬ વિગતવાર ચર્ચા કરી છે. કલમ-૯ સમજતાં પહેલાં ડોમેસ્ટીક વાલોયન્સ એક્ટની કલમ-૭ અને કલમ-૮ વિગતવાર જોઇએ.

● *કલમ-૭*

કાયદાની આ કલમ શબ્દશઃ વાંચતા એવું લાગે છે કે ખાસ કરીને અલગ અલગ કાયદાઓમાં ભોગ બનનારને થયેલી ઇજા કે વ્યથાના સંબંધમાં અત્યાચાર ગુજારનાર નશ્યત પહોંચાડવા અર્થેની વ્યવસ્થા જોવા મળતી હોય છે પરંતુ ભોગ બનેલી વ્યક્તિને પણ સરળતાથી મદદ કરી રહે તેમજ જે વ્યથા કે ઇજાનો ભોગ વ્યક્તિ બનેલી હોય તેને માટે સવિશેષ રીતે તબીબી સારવારનો પ્રબંધ કરવામાં આવ્યો છે.

● *કલમ-૮*

રક્ષણ અધિકારીની નિમણૂંક

*(૧)* રાજય સરકાર દરેક જીલ્લા દીઠ રક્ષણ અધિકારીની નિમણૂંક કરશે અને આ રક્ષણ અધિકારીની ફરજ બજાવવાનું તેમને તેમનાં પ્રસ્થાપિત થયેલ કાર્યક્ષેત્ર પણ સરકારી જાહેરનામાથી પ્રસિદ્ધ કરશે.

*(૨)* શકય હોય ત્યાં સુધી રક્ષણ અધિકારી તરીકે સ્ત્રીઓની નિમણૂંક કરવી કે જેઓ નિર્દિષ્ટ લાયકાત અને અનુભવ ધરાવતા હોય.

**માત્ર કુટુંબનું નામ બગડે અને જો ફરિયાદ કરીએ અથવા તો કોઇ પણને ત્રાસ અંગે વાત જણાવીએ તો નાની બહેનોનાં ભવિષ્યના લગ્નમાં પ્રશ્નો ઉભા થાય તેવી ચિંતા મોટા ભાગની પરિણિત સ્ત્રીઓ કરતી હોય છે**

તબીબી સુવિધાઓ પુરી પાડવાની ફરજો

જો ભોગ બનનાર વ્યક્તિ અથવા રક્ષણ અધિકારી સેવા પુરી પાડનાર વ્યક્તિઓ તબીબી સુવિધા પુરી પાડનાર માટે અધિકૃત ઇન્ચાર્જને વ્યક્તિને આવા ભોગ બનનાર વ્યક્તિને આવી તબીબી સુવિધા પુરી પાડવા વિનંતી કરવા આવા તબીબી સુવિધા પુરી પાડનાર ઇન્ચાર્જ અધિકારી આવા ભોગ બનનાર વ્યક્તિને તબીબી સુવિધા પુરી પાડશે.

● *કલમનું વિવરણ -*

*(૩)* શરતો જે પ્રમાણે નક્કી થાય તે મુજબની રહેશે.

● *કલમનું વિવરણ*

કાયદાની આ કલમ સરકારને સરકારી ગેઝેટનાં નોટીફીકેશન દ્વારા દરેક જિલ્લા દીઠ પ્રોટેકશન ઓફિસરની નિમણૂંક કરી તેમજ આ કાયદા હેઠળ તેના કાર્યક્ષેત્ર અંતર્ગત તેમને આપવામાં આવેલી સત્તા પણ નોટીફિકેશન દ્વારા જાહેર કરશે. પ્રોટેકશન અધિકારી તરીકે નક્કી થયા મુજબની લાયકાત / અનુભવ ધરાવતી સ્ત્રીઓની નિમણૂંક કરવાની રહેશે કે જેની નોકરી અને આનુષંગિત બાબતો રાજય સરકારે ઘડેલા નિયમો મુજબની રહેશે.

મૂળભૂત રીતે એક ખૂબ જ ઉલ્લેખ કરવા યોગ્ય બાબત આ કાયદામાં એ પ્રકારની છે જેમાં એક સ્ત્રીની વ્યથા - કથાને વધુ સારી રીતે સ્ત્રી અધિકારી સમજી શકે તે પ્રકારેની કલ્પના સાથે અત્રે આ કાયદામાં એ પ્રકારનો પ્રબંધ કરવામાં આવ્યો છે જેની અંદર અત્રે ઉલ્લેખીત હોદ્દા ઉપર એટલે કે રક્ષણ અધિકારીની જગ્યા ઉપર યોગ્યતા અને પાત્રતા ધરાવતી સ્ત્રી મળે તો તેને પ્રથમ અગ્રતા આપવી તેવું જણાય છે એટલે કે પુરૂષની નિમણૂંક ઉપર પ્રતિબંધ નથી પરંતુ બને ત્યાં સુધી અને સંભવતઃ સ્ત્રીને જ આ હોદ્દા ઉપર નિમવા અર્થે ધારાગૃહે કાયકાદીય વ્યવસ્થા કરી છે.

ચંદ્રાના કેસમાં આગળ જોઇએ તો, ચંદ્રાને અતિશય મારકુટ કરવામાં આવે છે, એટલી હદે માર મારવામાં આવે છે કે ચંદ્રાની આંખ ઉપર પણ ઇજા થાય છે. આખા શરીરે મુંઢ મારના નિશાનો છે. આવું બધું લખીએ ત્યારે તો ખૂબ દુઃખ થાય છે પરંતુ વાસ્તવમાં આવી અનેક શારીરિક હિંસા ભોગ કરનાર સ્ત્રીઓને જયારે જયારે મળવાનું થાય ત્યારે મન કાયદાઓનાં કડક અમલીકરણ માટે વધારેને વધારે મક્કમ બનતુ જાય છે. એવું પણ લાગે કે કોઇ મારે શા માટે? કોઇ વ્યક્તિ બીજી વ્યક્તિને મારે મારે તો ફોજદારી ધારામાં તે ગુનો બને છે અને છતાં એક ઘરમાં એક પરિણિત સ્ત્રીને માર મારવામાં આવે છે તે કડવી વાસ્તવિકતા છે. સામાજિક સંગઠનો સ્ત્રીઓને પોતે પોતે જ કોઇનો માર ખાવાનો નથી તેવો સંદેશો આપે છે જે બહુ સારી બાબત છે પરંતુ એવું પણ લાગે છે કે કાયદાકીય જાગૃતિ અને સામાજિક જાગૃતિ અંગેની શિબિરો હોય કે કાર્યશાળા હોય તેમાં પતિ અને પત્ની બંનેને સાથે સામેલ રાખવા જોઇએ. નાની નાની બાબતમાં કકળાટ અને કચકચને લઇને ભવિષ્યમાં કુટુંબના સભ્યો દ્વારા જ મોટો ગુનો બની બેસે અને ત્યારે કુટુંબના સભ્યો વસવસો કરે તે કરતાં આ કકળાટ, કચકચ અને મારકુટને કાબુમાં કેમ લેવા તે બાબતે સંશોધનાત્મક અભિગમ સાથે કામ કરવું પડશે.

ચંદ્રાની વ્યથા અને ચંદ્રાનો કેસ તથા હાલમાં સંજોગોમાં મળતી કાયદાની સવલત તે બાબતે મળી આવતે અંકે...